# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-08-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

- જમ્મુ કાશ્મીર વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે આવતીકાલે જાહેરનામું પ્રસિધ્ધ થશે
- કોલકતામાં ડોક્ટર પર કથિત બળાત્કાર અને હત્યાના વિરોધમાં દેશભરમાં ડોક્ટર્સનો વિરોધ
- કેન્દ્રીય નાણા મંત્રી સીતારમણે જાહેર ક્ષેત્રોની બેન્કોની કામગીરીની સમીક્ષા કરી
- ભારત-નેપાળે ઊર્જા, વેપાર અને માળખાકીય વિકાસ ક્ષેત્રે સહકાર મુદ્દે ચર્ચા કરીઃ જાપાનના વિદેશ મંત્રી કામિકાવા યોકો ભારતની મુલાકાતે, જ્યારે મલેશિયાના પ્રધાનમંત્રી આવતી કાલથી ભારતના પ્રવાસેઃ
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારથી પોલેન્ડ અને યુક્રેનની ત્રણ દિવસની મુલાકાતે જશે
- ભાઇ-બહેનના પ્રેમને સમર્પિત તહેવાર રક્ષાબંધનનો તહેવાર હર્ષોલ્લાસ સાથે મનાવાયો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JAMMU KASHMIR ELECTION

જમ્મુ કાશ્મીર વિધાનસભાની 18મી સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ સાથે રાજકીય પક્ષો ચૂંટણી મોડમાં આવી ગયા છે. નેશનલ કોન્ફરન્સના વડા ડોક્ટર ફારુક અબદુલ્લાએ જણાવ્યું કે, પ્રથમ જાહેરનામા બાદ તેમનો પક્ષ કેન્દ્રશાસિત પ્રદેશની તમામ 90 બેઠકો માટે ઉમેદવારો જાહેર કરશે.

આજે શ્રીનગરમાં ચૂંટણી ઢંઢેરો પ્રસિધ્ધ કરતા પક્ષના ઉપ-પ્રમુખ ઓમર અબદુલ્લાએ જણાવ્યું કે, તેમનો પક્ષ સત્તા પર આવશે તો રાજ્યનાં લોકોને 200 યુનિટ મફત વીજળી આપવામાં આવશે.

આકાશવાણીના જમ્મુ પ્રતિનિધિ જણાવે છે કે, આ તબક્કામાં અનંતનાગ, શોપિયાં, કુલગામ, રામબન, કિશ્તવાર અને ડોડા જિલ્લામાં મતદાન થશે. ઉમેદવારો 27 મી ઑગસ્ટ સુધી ઉમેદવારીપત્ર ભરી શક્શે. બીજા દિવસે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. જ્યારે 30મી ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકાશે. દરમિયાન, કેન્દ્રશાસિત પ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટેની અંતિમ મતદાર યાદી આવતીકાલે જાહેર કરાય તેવી શક્યતા છે, જેમાં મતદારોની સંખ્યા લગભગ 90 લાખ જેટલી હોવાની શક્યતા છે.

## DOCTORS – PROTEST

કોલકાતામાં ડોક્ટર પર કથિત બળાત્કાર અને હત્યા સામે રાજધાની દિલ્હીમાં આજે પણ રેસિડન્ટ ડોક્ટર્સ અને મેડિકલ વિદ્યાર્થીઓએ વિરોધ ચાલુ રાખ્યો હતો. એઇમ્સ સહિતની હોસ્પિટલોનાં ડોક્ટરોએ નિર્માણ ભવન પાસે દેખાવો યોજ્યા હતા. તેઓ દેશભરમાં આરોગ્યકર્મચારીઓ અને સંસ્થાઓનું રક્ષણ કરવા સલામતી કાયદો ઘડવાની માંગણી કરી રહ્યા છે.

કોલકાતામાં કોલેજ ઓફ મેડિસિન અને સગોરે દત્તા મેડિકલ કોલેજની પરિચારિકાઓએ આરજી કાર મેડિકલ કોલેજ ઘટનાની પિડિતા માટે ન્યાયની માંગણી કરતી રેલીમાં ભાગ લીધો હતો.

દરમિયાન, કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ આજે આરજી કાર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના ભૂતપુર્વ આચાર્ય સંદીપ ઘોષની પૂછપરછ કરી હતી. શ્રી ઘોષની પૂછપરછનો આ ચોથો દિવસ છે.

બીજી બાજુ, વિરોધ પક્ષના નેતા સુધેન્દુ અધિકારીએ જણાવ્યું છે કે, આ ઘટના અંગે સામાજિક માધ્યમની પોસ્ટ અંગે રાજ્ય.પોલિસ અને સાઇબર ક્રાઇમ વિભાગ દ્વારા નોટિસ મેળવનાર લોકોને તેઓ કાનૂની સહાય પૂરી પાડશે,

સામાજિક માધ્યમની પોસ્ટમાં શ્રી અધિકારીએ આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોના નિવાસીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની 168મી કલમ અંતર્ગત નોટિસ ફટકારવામાં આવી રહી છે.

## MOS - I&B – REVIEW

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડોક્ટર એલ મુરુગને જણાવ્યું છે કે, સમાજની નિઃસ્વાર્થ સેવા કરતા ડોક્ટર્સનું રક્ષણ કરવું એ રાજ્ય સરકારોની જવાબદારી છે. આજે આકાશવાણી, ચેન્નાઇ ખાતે માધ્યમો સાથેની વાતચીતમાં કોલકતાની ઘટનાનો ઉલ્લેખ કરતા શ્રી મુરુગને જણાવ્યું કે, ડોક્ટર્સની સલામતીનો મુદ્દો હોય ત્યારે રાજ્ય સરકારો કેન્દ્ર સરકારે આપેલી માર્ગદર્શિકા પ્રમાણે જવાબદાર રીતે પગલાં લેવા બંધાયેલી છે.

શ્રી મુરુગને જણાવ્યું કે, 2047માં ભારત સુપરપાવર બની જશે અને સરકાર એ દિશામાં તેની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. શ્રી મુરુગને માહીતી પ્રસારણના વિવિધ વિભાગોનાં કાર્યોની સમીક્ષા કરી હતી અને સરકારની કલ્યાણ યોજના અંગે માહિતીનો સક્રિયતાથી પ્રસાર કરવા સૂચના આપી હતી.

## LATERAL ENTRY RAHUL

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમલદારશાહીમાં લેટરલ એન્ટ્રી સ્કીમ મુદ્દે ફરી એક વાર મોદી સરકારની ટીકા કરી હતી. જો કે, કેન્દ્ર સરકારે આ યોજનાને સંપૂર્ણપણે વિચાર કરીને ઘડેલી યોજના બતાવી છે, જેમાં મંત્રાલયો અને સરકારી વિભાગોમાં નિપુણતા અને કૌશલ્યતા ધરાવતા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે.

શ્રી ગાંધીએ સોમવારે ટ્વિટર પર લખ્યું છે કે, લેટરલ એન્ટ્રી સ્કીમ દલિતો, ઓબીસી અને આદિવાસી પર હૂમલો છે.

ગઇ કાલે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કોંગ્રેસે કરેલી ટીકાને દંભ ગણાવતા જણાવ્યું હતું કે, લેટરલ એન્ટ્રીની યોજના સૌ પ્રથમ ખુદ કોંગ્રેસનાં વડપણ હેઠળની યુપીએ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

## SITHARAMAN - REVIEW MEET

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં જાહેર ક્ષેત્રોની બેન્કોની કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં નાણાકીય સેવા વિભાગના સચિવ ડોક્ટર વિવેક જોષી, જાહેર ક્ષેત્રની બેન્કોના મેનેજિંગ ડિરેક્ટરો અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર્સ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન સુશ્રી સીતારમણે બેન્કની વૃધ્ધિ માટે મહત્વના માપદંડ થાપણ વૃધ્ધિ, ધિરાણ-થાપણ ગુણોત્તર અને અસ્કયામતોની ગુણવત્તાની સમીક્ષા કરી હતી. નાણામંત્રીએ પીએમ આવાસ યોજના, પીએમ સૂર્યઘર અને પીએમ વિશ્વકર્મા જેવી સરકારી યોજનાઓમાં જાહેર ક્ષેત્રની બેન્કોની કામગીરીનું પણ મૂલ્યાંકન કર્યું હતું. મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં નાણા મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યા બાદ બેન્કો સાથે સુશ્રી સીતારમણની આ પ્રથમ સમીક્ષા બેઠક હતી.

બાદમાં સીતારમણે પ્રાદેશિક ગ્રામીણ બેન્કોની કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## S JANSHANKAR

કેન્દ્રીય વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે આજે નવી દિલ્હીમાં નેપાળના વિદેશમંત્રી આરઝુ રાણા દેઉબા સાથે મંત્રણા કરી હતી. બંને નેતાઓએ ઊર્જા, વેપાર, કનેક્ટિવિટી અને માળખાકીય વિકાસ સહિતનાં ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર મુદ્દે ચર્ચા કરી હતી. સામાજિક માધ્યમની પોસ્ટમાં ડોક્ટર જયશંકરે એ અંગે ખુશી વ્યક્ત કરી હતી કે નેપાળ ભારતને એક હજાર મેગાવોટ વીજળીની નિકાસ કરશે. તેમણે જણાવ્યું કે, ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને બંને દેશોનાં લોકો વચ્ચેનો સંપર્ક તથા સાંસ્કૃતિક જોડાણ સંબંધોને આગળ લઈ જાય છે.

ઉલ્લેખનીય છે કે, સુશ્રી આરઝુ રાણા ગઇ કાલે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી આવ્યા હતા. એક નિવેદનમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, આ મુલાકાત બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય નિયમિત આદાનપ્રદાનની પરંપરાને અનુરુપ છે.

મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતની પડોશી પ્રથમ નીતિમાં નેપાળ પ્રાથમિકતા ધરાવતો ભાગીદાર છે.

દરમિયાન, જાપાનના વિદેશ મંત્રી કામિકાવા યોકો સોમવારે સાંજે ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ મંગળવારે સાંજે નવી દિલ્હીમાં હૈદરાબાદ

હાઉસ ખાતે યોજાનાર ત્રીજી ભારત-જાપાન ટુ પ્લસ ટુ વિદેશ અને સંરક્ષણ મંત્રાલયની બેઠકમાં ભાગ લેશે. સુશ્રી કામિકાવા અને જાપાનના સંરક્ષણ મંત્રી મિનોરુ કિહારા વિદેશ મંત્રી જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે મંત્રણા કરશે.

જાપાનના વિદેશ મંત્રી બન્યા બાદ સુશ્રી કામિકાવાની ભારતની આ પ્રથમ મુલાકાત છે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ શુભેચ્છા મુલાકાત કરશે.

દરમિયાન, મલેશિયાના પ્રધાનમંત્રી દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ આવતી કાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવશે. તેઓ આવતી કાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ અને વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકર સાથે પણ મુલાકાત કરશે.

## HEALTH EXPERT VISIT

15 વૈશ્વિક દક્ષિણ દેશોનાં 30 આરોગ્ય નીતિ ઘડવૈયાઓ અને નિષ્ણાતો આજથી ચાર દિવસની ભારત યાત્રા પર છે. વિદેશ મંત્રાલયે આરોગ્ય મંત્રાલય અને ઇન્ડિયન ફાર્માકોપોઇયા કમિશન-આઇપીસીનાં સહયોગમાં આ મુલાકાતનું આયોજન કર્યું છે. આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ આજે નવી દિલ્હીમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ દરમિયાન, નીતિ ઘડવૈયાઓ અને નિષ્ણાતો તેમનાં ભારતીય સમકક્ષો સાથે ચર્ચા કરશે. ભારત મુલાકાત દરમિયાન નિષ્ણાતો જનઔષધિ કેન્દ્રો, દવા અને રસી ઉત્પાદન એકમો અને સંશોધન પ્રયોગશાળાઓને જોવા માટે આગ્રા અને હૈદરાબાદ પણ જશે.

## PM-POLAND UKRAINE VISIT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી બુધવારથી પોલેન્ડ અને યુક્રેનની ત્રણ દિવસની મુલાકાતે જશે. ભારતના પ્રધાનમંત્રી 45 વર્ષ બાદ પોલેન્ડની મુલાકાતે છે. બંને દેશોના રાજદ્વારી સંબંધોને 70 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આ મુલાકાત મહત્વપૂર્ણ છે. શ્રી

મોદી પોલેન્ડના તેમના સમકક્ષ ડોનાલ્ડ ટસ્ક સાથે વાતચીત કરશે અને રાષ્ટ્રપતિ એન્ડ્રેજ ડુડા સાથે મુલાકાત કરશે. વડાપ્રધાન વોર્સોમાં ભારતીય સમુદાય, વેપાર અગ્રણીઓ સાથે પણ વાતચીત કરશે. શ્રી મોદી જામનગર અને કોલ્હાપુર સાથે પોલેન્ડના વિશેષ સંબંધને યાદ કરતા સ્મારકોની પણ મુલાકાત લેશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીના આમંત્રણ પર 23 તારીખે યુક્રેનની સત્તાવાર મુલાકાત લેશે. આ મુલાકાત બંને નેતાઓ વચ્ચેની તાજેતરની ઉચ્ચ સ્તરીય વાતચીત પર આધારિત હશે. વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં આ માહિતી આપવામાં આવી હતી.

## PM-WORLD SANSKRIT DAY

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સંસ્કૃત દિવસ નિમિત્તે નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. સામાજિક માધ્યમની એક પોસ્ટમાં તેમણે જેઓ સંસ્કૃત ભાષા પ્રત્યે જુસ્સો ધરાવે છે અને તેને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે તે દરેકને અભિનંદન આપ્યા હતા.

## RAKSHABANDHAN AND AMARNATH

ભાઇ-બહેન વચ્ચેનાં પ્રેમ અને બંધનને સમર્પિત તહેવાર રક્ષાબંધનની આજે દેશભરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતપોતાના નિવાસસ્થાન પર શાળાના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી.

રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી આ પ્રસંગનો વિડીયો અને તસવીરો રજૂ કરવામાં આવી હતી.

દરમિયાન, આજે સવારે અમરનાથ યાત્રાની પૂર્ણાહૂતિ થઈ હતી. અમારા જમ્મુના પ્રતિનિધિ જણાવે છે કે ભગવાન શિવની પવિત્ર ગદા છડી મુબારક વહેલી સવારે અમરનાથ ગુફા પહોંચી હતી. આ સાથે 43 દિવસની યાત્રાનો ઔપચારિક અંત આવ્યો છે. સત્તાવાર આંકડા પ્રમાણે આ વર્ષે અંદાજે પાંચ લાખ શ્રધ્ધાળુઓએ પવિત્ર ગુફાનાં દર્શન કર્યાં છે.